**સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરને 'ઉપાડ અને વહેંચણી અધિકારી' તરીકે જાહેર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ હસબ–૨૦૦૫–૭૦૭–આર.ટી.આઈ. સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૨૫–૦૬–૨૦૧૨

*વંચાણે લીધોઃ–*

સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧–૧૨–૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ હસબ–૨૦૦૫–૭૦૭–આર.ટી.આઈ. સેલ.

ઠ રા વ :

ઉપર સંદર્ભમાં દર્શાવેલ આ વિભાગનાં તા.૦૧–૧૨–૨૦૦૫ ના સરખા ક્રમાંકના ઠરાવથી ગુજરાત માહિતી આયોગની કચેરી માટે આગવી નાણાકીય વ્યવસ્થા પધ્ધતિ નકકી કરવામાં આવેલ હતી. નાણાકીય શિસ્ત જળવાય તે હેતુસર તા.૦૧–૧૨–૨૦૦૫ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ આ નાણાકીય કાર્યપધ્ધતિમાં પુનઃ વિચારણા કરીને, તા.૦૧–૧૨–૨૦૦૫ ના ઠરાવના મુદ્દા નં.૩, ૪, ૫ અને ૬ ને રદ કરીને તેટલા અંશે આ ઠરાવમાં સુધારો કરવામાં આવે છે અને સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરને ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે જાહેર કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંકઃ બજટ–૧૦૨૦૧૦–૪૮–આરટીઆઈ સેલ પર નાણા વિભાગની તા.૨૧–૦૩–૧૨ ની નોંધથી મળેલ સંમતિ તથા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૪–૦૫–૨૦૧૨ અને તા.૨૩–૦૫–૨૦૧૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.સી. પટેલ)
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનાં નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો બિલ્ડીગ, પ્રથમ માળ, સેકટર–૧૮, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વસુતાપ્ર) નાં રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એનટાઈટલમેન્ટસ), ગુજરાત રાજ્ય, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નાણા વિભાગ, ઝ–શાખા / ક–શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (રોકડ–૧), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

–શાખા સિલેક્ટ ફાઈલ.